# સ્વામી વિવેકાનંદનું બાળપણ

**– મધુકાન્ત પ્રજાપતિ**

બાળકોને રમતગમતો અતિપ્રિય હોય છે. નરેન્દ્ર અને તેની મિત્રમંડળી પણ રમતો રમવામાં પાવરધી હતી.

નિશાળેથી છૂટીને ઘેર આવતાં જ દફતર એક ખૂણામાં ફેંકીને બાળદોસ્તો સીધા રમવા પહોંચી જતા.

ક્યારેક આંબલી–પીપળીની રમત, તો ક્યારેક ગેડીદડો એમ વિવિધ રમતોનો દોર ચાલતો.

એક દિવસ પડોશી નવગોપાલજીના ઘર પાસે આવેલા મેદાનમાં બાળકોએ પડાવ નાખ્યો. મેદાનમાં નોખી નોખી રમતો રમવાના સાધનો હતાં. હીંચકો, ચગડોળ, લપસણી જેવાં સાધનોની મોજ માણતા અને ભારે ધીંગામસ્તી કરતા.

એક દિવસ બગીચાને ખૂણે પડેલી લાકડાની ફ્રેમ પર હીંચકો બાંધવાનું નક્કી કર્યું. તેથી ફ્રેમને ઊંચકવા લાગ્યા.

બધા મિત્રો સાથે મળીને તાકાત લગાવતા હતા, પણ ખસતી નહોતી. બધા પરસેવે રેબઝેબ થઈ ગયા, પણ ફ્રેમ ટસની મસ ના થઈ. બાજુમાં પસાર થતા રસ્તા પરથી ઘણા રાહદારીઓ પસાર થતા હતા, પરંતુ કોઈ તેમને મદદ કરવા તૈયાર નહોતું.

અલ્લડ છોકરાઓની ભાંજગડમાં પડે પણ કોણ ! રસ્તાને કિનારે ઊભેલો અંગ્રેજ ખલાસી આ તમાશો ક્યારનોય જોઈ રહ્યો હતો. થાક્યા વિના સતત પ્રયત્ન કરતાં છોકરાઓને તે નિહાળતો હતો. તેને જોઈને નરેન્દ્રે બે હાથ જોડીને મદદ કરવા વિનંતી કરી. ખલાસી આનંદમાં આવી જઈને ફ્રેમને ખસેડવા માટે બાળકોની મદદે આવ્યો. બધાએ હ....ઈ....સો....હ.....ઈ....સો......કરીને જોઈ લગાવ્યું એટલે ફ્રેમ તો ખડી થઈ ગઈ, પરંતુ તેનું સંતુલન ડગી જતાં તરત જ તે નીચે પડી. ફ્રેમની એક ધાર ખલાસીના માથા

સાથે અથડાઈ. માથામાં ઊંડો ઘા પડયો અને તેમાંથી લોહી વહેવા લાગ્યું. થોડીવારમાં ખલાસી બેભાન થઈ જમીન પર ઢળી પડયો. ખલાસીને બેભાન પડેલો જોઈ બાળકોને થયું કે જરૂર આ મરી ગયો છે. બીકના માર્યા બધાં બાળકો વારાફરતી પલાયન થઈ ગયાં. ફક્ત નરેન્દ્ર અને તેના એક–બે મિત્રો જ ત્યાં ઊભા રહ્યા. સમયસૂચકતા વાપરી, ઘા પર પાણી રેડી, તેમણે સાફ કર્યો. નરેન્દ્રે પોતાના વસ્ત્રનો ટુકડો કરી ઘા પર બાંધી દીધો. લોહી વહેતું બંધ થયું. ત્રણ મિત્રો ભેગા મળી ખલાસીને ઊંચકીને બાજુની નિશાળના મકાનમાં લઈ ગયા. ત્યાં સારવાર માટે ડૉક્ટરને બોલાવ્યો. ખલાસી ભાનમાં આવ્યો ત્યારે જ નરેન્દ્રના જીવમાં જીવ આવ્યો. અઠવાડિયા સુધી તેને નિશાળમાં રાખી તેની સારવાર કરી. નરેન્દ્રની ટોળીના જે મિત્રો ભાગી ગયા હતા તેમનામાં પણ હવે હિંમત આવી. ખલાસીની સારવાર કરવા પાછા આવ્યા. ખલાસીને આરામ થયો એટલે એણે નરેન્દ્ર અને તેની ટોળીની વિદાય માગી. તે ગળગળો થઈ ગયો.



નરેન્દ્રની પીઠ થાબડીને કહેવા લાગ્યો :

'શાબાશ બેટા, એક પરદેશી અંગ્રેજ ખલાસીની જિંદગી તેં બચાવી છે. તને જિંદગીભર ક્યારેય નહીં ભૂલું.' એમાં અમે શી મોટી ધાડ મારી ! એ તો અમારી માનવ તરીકે ફરજ હતી. તમે અમને મદદ કરવા નહોતા આવ્યા ? લા, આ નાની સરખી ભેટ. તમને સારવારમાં ખપ લાગશે.'

એમ કહી નરેન્દ્રે બાળમિત્રો પાસેથી એકઠા કરેલા પૈસાની થેલી ખલાસીને સાદર ભેટ આપી. ખલાસી ગદ્‌ગદ થઈ ગયો. એકીટશે નરેન્દ્ર સામે જોઈ રહ્યો. મનમાં બોલ્યો : 'મેં મારી જિંદગીમાં ક્યારેય આવો પરગજુ બાળક જોયો નથી. ધન્ય છે તેનાં માતાપિતાને અને તેના કુળને.' ખલાસી ત્યાંથી વિદાય થયો ત્યારે બાળમિત્રો પણ ભાવવિભોર બની ગયા. લાગણીશીલ નરેન્દ્ર તો રડવા લાગ્યો.

આવી પરગજુ વૃત્તિ અને સાહસિકતાએ જ નરેન્દ્રને પાછળથી મહામાનવ બનાવ્યો.

■